વાહનો ખરીદવા અંગેની નીતિ નકકી કરવા બાબત

ગજરાત સરકાર
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૦૬/પુઓ-૮/ઘ
સચિવાલય, ગાંધીનગર,
તા :- ૨૪/૯/૨૦૦૮

વંચાણમાં લીધો :- ગૃહ વિભાગનો તા.૧૫.૧૦.૧૯૯૯નો પત્ર ક્રમાંકઃજીટીએસ૧૦૯૯/૨૫૬૦/ઘ

ઠ રા વ

સરકારી અધિકારીઓ અને કચેરીઓ માટેની પ્રવર્તમાન વાહન નીતિ આમુખમાં દર્શાવેલ તા.૧૫.૧૦.૧૯૯૯ના પત્રથી નકકી કરવામાં આવેલ હતી. આ નીતિ નકકી કર્યે આઠ વર્ષથી વધુ સમય પસાર થયેલ છે. દરમ્યાનમાં ઓટોમોબાઇલ ક્ષેત્રમાં ઘણાં મોટા ફેરફારો થયેલ છે. વધુમાં, હવે બજારમાં નવી ટેકનોલોજીવાળા, બળતણની વધુ ક્ષમતાવાળા અને સલામતી માટે ફરજિયાત ટેકનીકલ ફીચર ધરાવતા વાહનો ઊપલબ્ધ થયેલ છે. તેમજ પ્રદૂષણ નિયંત્રણ માટેના નવા ધોરણો અમલમાં આવેલ છે. આ બાબતોને અનુલક્ષીને વાહનો ખરીદવાની નવી નીતિ નકકી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે આમુખમાં દર્શાવેલ તા. ૧૫.૧૦.૧૯૯૯ના પત્રમાં નિયત કરેલ પ્રવર્તમાન વાહન નીતિ રદ કરીને **રાજય સરકારના અધિકારીઓ અને કચેરીઓ માટે નીચે દર્શાવ્યા મુજબની નવી વાહન નીતિ અમલમાં મૂકવાનું આથી ઠરાવે છે :-**

(૧) સચિવાલયના વહીવટી વિભાગના સચિવશ્રી તથા તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ તેમજ સચિવશ્રી કે તેથી ઉપરના કક્ષાના ખાતાના વડા માટેના વાહનો

સચિવાલયના વહીવટી વિભાગના સચિવશ્રી તથા તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ તેમજ સચિવશ્રી કે તેથી ઉપરની કક્ષાના ખાતાના વડાના મોભા અને તેમની રાજયભરમાં પ્રવાસ કરવાની જરૂરીયાતને અનુલક્ષીને **વાતાનુકૂલિત મારૂતિ-એસએકસ-૪-VXI (પેટ્રોલ)** રૂા.૭.૦૦ લાખ (અંકે રૂપિયા સાત લાખ પૂરા) ની મર્યાદામાં ખરીદવાની રહેશે. આ ખરીદ કિંમતમાં સ્થાનિક વેરા અને વિમાના ખર્ચનો સમાવેશ થશે નહિ.

(૨) સચિવશ્રી કે તેથી ઉપરની કક્ષાના ખાતાના વડા સિવાયના ખાતાના વડા માટેના વાહનો

સચિવશ્રી કે તેથી ઉપરની કક્ષાના ખાતાના વડા સિવાયના ખાતાના વડાની રાજયમાં કોઈ પણ સ્થળે લાંબા પ્રવાસ દરમ્યાન કઠણ રસ્તાઓ ઉપર અનુકૂળ હોય, વધુ ગ્રાઉન્ડ કલીયરન્સ ધરાવતા હોય અને

કોઈ પણ સ્થળે સહેલાઈથી રીપેરીગ સેન્ટરો ઉપલબ્ધ હોય તે બાબતોને ધ્યાને લઈને નીચે મુજબના વાતાનુકૂલિત વાહનો રૂ. ૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની મર્યાદામાં ખરીદવાના રહેશે.

(૧) મહેન્દ્ર અને મહેન્દ્ર કંપનીની બોલેરો (ડીઝલ), અથવા

(૨) ટાટા સુમો (ડીઝલ), અથવા

(૩) ટાટા વિક્ટા LX (ડીઝલ)

ઉપર જણાવેલ ખરીદ કિંમતમાં સ્થાનિક વેરા અને વિમાના ખર્ચનો સમાવેશ થશે નહિ.

(૩) જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ માટેના વાહનો

જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ માટે તેમના જિલ્લામાં કોઈ પણ સ્થળે લાંબા પ્રવાસ દરમ્યાન કઠણ રસ્તાઓ ઉપર અનુકૂળ હોય, વધુ ગ્રાઉન્ડ કલીયરન્સ ધરાવતા હોય અને કોઈ પણ સ્થળે સહેલાઈથી રીપેરીગ સેન્ટરો ઉપલબ્ધ હોય તે બાબતોને ધ્યાનમાં લઈને આર.સી. હેઠળની બિનવાતાનુકૂલિત ઈનોવા (ડીઝલ) રૂ. ૫.૭૮/– લાખ (અંકે રૂપિયા પાંચ લાખ ઈઠયોતેર હજાર પૂરા)ની મર્યાદામાં ખરીદવાની રહેશે. આ ખરીદ કિંમતમાં સ્થાનિક વેરા અને વિમાના ખર્ચનો સમાવેશ થશે નહિ.

(૪) સચિવાલયના વહીવટી વિભાગો માટેની બિનવાતાનુકૂલિત સ્ટાફ કાર

સચિવાલયના વહીવટી વિભાગો માટે તેમની મર્યાદિત મુસાફરીની જરૂરીયાતને ધ્યાનમાં લેતા ઉત્પાદક–વિતરક દ્વારા ફીટ કરવામાં આવેલ સી.એન.જી.કીટવાળી એમ્બેસેડર (CNG / પેટ્રોલ) કાર રૂ. ૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) ની મર્યાદામાં ખરીદવાની રહેશે. **આ કિંમતમાં સ્થાનિક વેરા અને વિમાના ખર્ચનો સમાવેશ થશે નહિ.**

(૫) સચિવાલયના વહીવટી વિભાગો સિવાયની ક્ષેત્રીય કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ માટેના વાહનો

સચિવાલયના વહીવટી વિભાગો સિવાયની ક્ષેત્રીય કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓને રાજયના જુદા જુદા સ્થળોએ ઊંડાણવાળા, કઠણ અને કાચા રસ્તાઓ ઉપર પ્રવાસ કરવાની જરૂરીયાત, વધુ ગ્રાઉન્ડ કલીયરન્સની જરૂરીયાત, બળતણની દ્રષ્ટિએ કરકસરયુકત હોય, કોઇ પણ સ્થળે સહેલાઇથી રીપેરીંગ સેન્ટરો ઉપલબ્ધ હોય, વધુ બેઠક ક્ષમતા ધરાવતા હોય અને વધુ સામાન લઇ જવાની સગવડ હોય તે બાબતોને ધ્યાને રાખીને રૂ.૫. ૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) ની મર્યાદામાં નીચે જણાવેલ બિનવાતાનુકૂલિત વાહનો સ્ટાફકાર તરીકે ખરીદવાના રહેશે :–

(૧) મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર કંપનીની બોલેરો (ડીઝલ), અથવા

(૨) ટાટા સુમો (ડીઝલ), અથવા

(૩) ટાટા વિક્ટા (ડીઝલ)

**<u>ઉપર જણાવેલ વાહનોની ખરીદી અંગે નીચે જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે :–</u>**

(અ) ઉપર જણાવેલ કોઇ પણ પેટ્રોલ વાહનોની ખરીદી કર્યા બાદ તેમનો વોરંટીનો સમય પૂરો થયા બાદ તેમને સી.એન.જી.માં રૂપાંતરિત કરાવવાના રહેશે.

(બ) જે વાહનોનો ડી.જી.એસ. એન્ડ ડી.નો રેઇટ કોન્ટ્રકટ થયેલો હોય તો તેવા વાહનોને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

(ક) જે વાહનોનો રેઇટ કોન્ટ્રકટ ન હોય અને જે કિસ્સામાં જો એક જ વિક્રેતા હોય તો વાહનની ખરીદીમાં સરકારને વધુમાં વધુ ફાયદો થાય તે માટે પ્રયત્ન કરવાના રહેશે અને જે કિસ્સામાં વાહનના એકથી વધુ અધિકૃત વિક્રેતા હોય તો તેમની પાસેથી ભાવ પત્રકો સહિતની અન્ય શરતો મેળવીને ખરીદી કરવાની રહેશે.

(ડ) ઉપર જણાવેલ વાહનોના પ્રકારો સિવાયના અન્ય કોઇ પ્રકારના વાહનની ખરીદી કરવાની જરૂરીયાત ઉભી થાય તો તે માટે બંદરો અને વાહન વ્યવહાર વિભાગ અને નાણા વિભાગ મારફત સરકારશ્રીની મંજૂરી લેવાની રહેશે.

(૬) **<u>વધારાના વાહનોની જરૂરીયાત માટે ગુજરાત પ્રવાસન નિગમ મારફત વાહનો ભાડે લેવાની વ્યવસ્થા બાબત</u>**

ઘણીવાર રાજય સરકારની કચેરીઓને તેમના ઉપલબ્ધ વાહનો ઉપરાંત વધારાના વાહનોની આવશ્યકતા ઉપસ્થિત થતી હોય છે. આથી, આવા સમયે જુદી જુદી કચેરીઓ દ્વારા ભાવ પત્રકો મેળવીને વાહનોની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. આ પ્રશ્નો હલ કરી શકાય તે માટે ગુજરાત પ્રવાસન નિગમે રાજય સરકારની તમામ કચેરીઓ માટે લઘુતમ સંખ્યામાં વાહનો ડ્રાયવરો સાથે ભાડે રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે અને સંબંધિત કચેરીઓ દ્વારા આવા ભાડે લેવામાં આવેલ વાહનોની ભાડાની ચુકવણી કરવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) સરકારી વાહનોને રદબાતલ કરવા અંગેના ગૃહ વિભાગના તા.૭/૧૨/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંકઃજીટીએસ/૧૦૨૦૦૧/૩૦૨૬/ઘમાં નિયત કરેલ ધોરણો યથાવત્ રાખવામાં આવે છે.

(૭) રદબાતલ કરવામાં આવેલ વાહનોની અવેજીમાં નવા વાહનો ખરીદવાના હોય ત્યારે સરકારી ખર્ચમાં કરકસર કરવાની પ્રવર્તમાન સૂચનાઓની સમીક્ષા કરી સુધારા-વધારા કરવા બાબતના નાણા વિભાગના તા.૯/૯/૯૮ના ઠરાવ ક્રમાંક ખરચ/૧૦૯૮/૭૦૪/(૫૮) ઝ-૧થી નિયત કરવામાં આવેલ સૂચનાઓ પણ ધ્યાનમાં લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા. ૧૦/૯/૨૦૦૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનહર આર. ચૌધરી )
ઉપ સચિવ(વા.વ્ય.)
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.

પ્રતિ
--માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
--માન. અધ્યક્ષશ્રી /.ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી
--સર્વે માન. મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
--મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
--સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
--રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ (પત્ર દ્વારા)
--વહીવટી સંચાલકશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લિ., ગાંધીનગર
--સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, તકેદારી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (પત્ર દ્વારા)
--સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા)
--સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, ગુજરાત રાજ્ય, અમદાવાદ (પત્ર દ્વારા)
--સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
--સચિવશ્રી, સિવિલ સર્વિસ ટ્રીબ્યુનલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
--એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ / અમદાવાદ
--નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / ગાંધીનગર
--પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / ગાંધીનગર
--સર્વે કલેક્ટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
--સચિવાલયના સર્વે વિભાગો (પાંચ નકલો સહિત)(તાબા હેઠળના ખાતાના વડાને જાણ કરવાની જરૂરી કાર્યવાહી અર્થે)
--સર્વે નાણાકીય સલાહકારશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
--બંદરો અને વાહન વ્યવહાર વિભાગની સર્વે શાખાઓ
--શાખા પસંદગી ફાઇલ
--નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ

ક્ર.-૫૬૬૨૮

## માઈનસ /રૂ.૧૦.૦૦ લાખથી ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતોની વાહનની માહિતી.

| અ.નં | જિલ્લાનું નામ | ક્રમ | તા.પં.નું નામ | તા.૧/૪/૧૧ ના રોજ સ્વભંડોળની ઉઘડતી સિલક | તા.પં.ના બજેટમાં સને: ૨૦૧૧-૧૨ માં કરેલ જોગવાઈ (રૂ.) | વાહનોની વિગત | | | કુલ વાહનો પૈકી કન્ડમ કરવા પાત્ર વાહનો કેટલા છે ? | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વાહનનો પ્રકાર | ચાલુ હાલતમાં | બંધ હાલતમાં | | |
| ૧ | અમદાવાદ | ૧ | માંડલ | ૭૪૭૦૦૦ | -- | જીપ | ૧ | ૦ | ૧ | |
| ૨ | અમરેલી | ૨ | લીલીયા | ૧૦૧૬૫૫૬ | | જીપ | ૦ | ૦ | કન્ડમ કરેલ છે. | |
| | | ૩ | બગસરા | (-) ૩૮૭૭૦ | -- | ટાટા સ્પેશીયો | ૦ | ૧ | ૧ | |
| | | ૪ | કુકાવાવ | ૪૮૨૦૪૫ | — | જીપ | ૧ | ૦ | ૧ | |
| ૩ | ભરૂચ | | -- | -- | -- | -- | -- | -- | -- | |
| ૪ | ભાવનગર | ૫ | પાલીતાણા | ૮૬૯૦૪૪ | -- | -- | ૦ | ૦ | કન્ડમ કરેલ છે. | |
| ૫ | ડાંગ | | — | -- | -- | -- | -- | -- | -- | |
| ૬ | દાહોદ | ૬ | દે.બારીયા | ૧૪૮૦૦૦ | -- | ટાટા સુમો | ૧ | -- | ૧ | |
| | | ૭ | ધાનપુર | (-)૧૬૧૦૦૦૦ | -- | જીપ | ૧ | ૦ | ૧ | |
| ૭ | ગાંધીનગર | ૮ | માણસા | (-) ૪૧૮૦૭ | ૮૮૯૦૦૦ | ટાટાસ્પેશીયો અને જીપ | ૧ | ૧ | ૧ | |
| ૮ | જામનગર | | -- | -- | -- | -- | -- | -- | -- | |
| ૯ | જુનાગઢ | ૯ | ભેંસાણ | ૯૪૮૩૩૦ | -- | -- | -- | ૧ | ૧ | |
| | | ૧૦ | મેંદરડા | (-) ૮૭૯૯૩ | -- | — | -- | -- | ૧ | |
| | | ૧૧ | વિસાવદર | (-) ૧૪૬૭૩૬ | -- | જીપ | ૧ | -- | ૧ | |
| | | ૧૨ | કોડીનાર | ૨૪૦૯૮૩ | -- | જીપ | -- | ૧ | ૧ | |
| | | ૧૩ | સુત્રાપાડા | (-) ૭૨૭૪૫ | -- | જીપ | -- | — | ૧ | |
| | | ૧૪ | માણાવદર | (-)૭૮૫૧૯ | -- | જીપ | ૧ | ૦ | ૧ | |

| અ.નં | જિલ્લાનું નામ | ક્રમ | તા.પં.નું નામ | તા.૧/૪/૧૧ ના રોજ સ્વભંડોળની ઉઘડતી સિલક | તા.પં.ના બજેટમાં સને: ૨૦૧૧-૧૨ માં કરેલ જોગવાઇ (રૂ.) | વાહનોની વિગત | | | કુલ વાહનો પૈકી કન્ડમ કરવા પાત્ર વાહનો કેટલા છે ? | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | વલસાડ | ૩૩ | કપરાડા | ૯૯૧૪૦૩ | -- | જીપ | ૧ | ૦ | ૧ | |
| ૨૨ | બનાસકાંઠા | ૩૪ | થરાદ | ૪૮૮૫૪૦.૨૨ | -- | જીપ | ૧ | ૧ | ૧ | |
| | | ૩૫ | ભાભર | ૯૪૯૩૬.૦૦ | -- | જીપ | -- | ૧ | ૧ | |
| | | ૩૬ | ડીસા | ૬૦૯૪૯૦.૩૮ | ૬૭૦૦૦૦.૦૦ | જીપ | ૧ | -- | ૧ | |
| ૨૩ | ખેડા | ૩૭ | કઠલાલ | (-) ૫૧૦૦૦ | ૧૪૬૬૦૦૦ | ટાટા સ્ટેશીયો | ૧ | ૦ | ૧ | |
| | | ૩૮ | વિરપુર | (-) ૨૬૭૦૦૦ | -- | સુમો વિક્ટા | ૧ | ૦ | -- | |
| | | ૩૯ | મહુધા | (-) ૪૭૨૦૦૦ | -- | સુમો વિક્ટા | ૧ | ૦ | ૦ | |
| ૨૪ | તાપી | | -- | -- | -- | -- | -- | -- | -- | |
| ૨૫ | સાબરકાંઠા | | -- | -- | -- | -- | -- | -- | -- | |
| ૨૬ | આણંદ | ૪૦ | સોજીત્રા | ૧૧૦૮૨૭ | -- | જીપ | ૧ | ૦ | ૧ | |

વિકાસ કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

VEHICAL-MINUS-SMJ